# યુવતીઓ તમારે બોયફ્રેન્ડ છે ? તો આટલું ખાસ વિચારો

ફાધર, ડેડી કે પપ્પા તમે જૂના જમાનાના વિચારો ધરાવો છો. તમે ખૂબ જ શંકાશીલ છો. અમને અમારી જવાબદારીનું ભાન છે. વગેરે વાક્યો આજના યુવાન-યુવતીઓના મોઢેથી સાંભળવા મળે છે. ત્યારે પ્રશ્ન થાય કે શું ઉપરોક્ત વાક્યો સાચા છે? પપ્પાઓ રોકેટોકે એટલે શું જૂના જમાનાના અને શંકાશીલ થઇ ગયા? શું આજના બધા જ યુવાન-યુવતીઓને તેમની જવાબદારીનું ભાન છે ? ત્યારે વાસ્તવિકતા એ જોવા મળે છે કે, ઉપરોક્ત વાક્યો ખોટા જ છે. આજના પપ્પા આજની બગડેલી કે બગડતી પરિસ્થિતિને આધારે સલાહ આપે કે માર્ગ ચીંધે તો એને જૂના જમાનાના નહિ, પણ અનુભવી ગણાય. આજના યુવાન અને યુવતીઓને એમની જવાબદારીનું જો ભાન હોય તો રોજબરોજ સમાચાર પત્રોમાં કે સોસીયલ મીડિયામાં દિલ હચમચાવી મૂકે તેવા નકારાત્મક સમાચારો વાંચવા મળતા ના હોત. આ તો વાંચવા મળતા કિસ્સા છે, પણ આપણા સુધી ના પહોંચેલા કિસ્સાઓની સંખ્યા અનેકગણી છે. ત્યારે આજના યુવાનો અને તેમાં પણ ખાસ કરીને યુવતીઓને આ લેખ દ્વારા કેટલીક બાબતનું ધ્યાન દોરવાનો પ્રયત્ન છે.

ગુમરાહ થયેલી અનેક યુવતીઓ આજે ઘણું બધું સહન કરી રહી છે. ૨૦ વર્ષ સુધી પપ્પા સાથે રહ્યાં, ૨૫ વર્ષ પછી સાસરીમાં જશો. ત્યારે વચ્ચેના પાંચ વર્ષ જ સાચવી લેવાના છે. આ પાંચ વર્ષના કેટલાક વર્તનો કે નિર્ણયો જ તમારી જિંદગીની દિશા અને દશા નક્કી કરે છે. આ દસ જ દિવસમાં મારી સામે ત્રણ કિસ્સા આવ્યા. તેમાંથી પ્રેરણા લઈને જિંદગી બચાવી શકાશે. દરેક કિસ્સામાં નામ બદલેલા છે. સુનીતાના લગ્ન થયે ચાર વર્ષ થયા. તેના પતિ ધીરજને લગ્નપૂર્વે રાધિકા સાથે પ્રેમભર્યા સબંધ. સાથે ફર્યા, મોબાઈલમાં સેલ્ફીઓ લીધી. ફોટા પડાવ્યા વગેરે. બન્નેના અલગ અલગ જગ્યાએ લગ્ન થયા. લગ્નના દસ જ દિવસમાં સુનીતાને ખબર પડી ગઈ. ઘરમાં ઝગડા શરૂ. બન્ને છૂટા રહેવા લાગ્યા. અત્યારે કોર્ટમાં કેસ ચાલે છે. સુનીતાએ કોર્ટમાં રાધિકા અને ધીરજના ફોટા રજૂ કર્યા. જેની જાણ રાધિકાના પતિને પણ થઇ. જે રાધિકાએ છૂપાવેલ હતું. વિચારો શું પરિણામ આવશે ?

બીજા કિસ્સામાં ઉચ્ચઅભ્યાસ કરતી ભણવામાં હોશિયાર એક યુવતીને પરધર્મી છોકરા સાથે દોઢ જ વર્ષમાં ગાઢ પ્રેમ થયો. છોકરો માત્ર દસમું ધોરણ ભણેલો. એક વેપારીને ત્યાં કારના ડ્રાયવર તરીકે નોકરી કરે છે. આ યુવતી આ બધું જ જાણે છે. હવે કહે છે કે, હું તેની સાથે લગ્ન નહિ જ કરું. પણ જ્યાં સુધી મારી સગાઇ નાં થાય ત્યાં સુધી એની સાથે સબંધ રાખીશ, પછી છોડી દઈશ. આ અંગે અન્ય એક યુવતીએ એને સલાહ આપતા કહેલું કે, ' જે ઘેર જવું જ નાં હોય, તેનું નામ લેવાની શી જરૂર'? આ છોકરીએ વળી કેટલાક ફોટા પણ તેની સાથે પડાવેલ છે. તે અંગે પૂછતાં તેણે કહેલું કે, એ છોકરો મારા ફોટા કોઈને બતાવે જ નહિ, મને એની પર વિશ્વાસ છે વગેરે. ત્યારે આવા વિચારો ધરાવતી યુવતીઓને કહેવાની ઈચ્છા થાય કે, જો લગ્ન કરવાના નથી જ. તો અત્યારે પ્રેમ કરો છો તે યોગ્ય છે ? બીજું તમે

ભવિષ્યમાં જયારે સબંધ છોડવા માંગશો ત્યારે તે છોકરો સબંધ ચાલુ રાખવાનું કહેશે તો? જો તમે મક્કમ મને ના પાડશો અને તે તમારા ફોટા કે પ્રેમપત્રો દ્વારા તમને બ્લેકમેઈલ નહિ કરે એની ખાતરી ખરી ? ભવિષ્યમાં તમે બીજે લગ્ન કરશો અને તમારા પતિને ખબર પડશે તો ? જો તમે એમ કહેશો કે, અમારે તો માત્ર ફ્રેન્ડશીપ જ હતી. તો આ વાત તમારા પતિ માનશે ? કારણ કે, ફ્રેન્ડશીપ માટેનું એવું એકપણ પરીબળ તમારી વચ્ચે નથી. નથી એ છોકરો તમારી સાથે ભણ્યો, ના તો તે સારી નોકરી કે ધંધો કરે છે, ના તો તે તમારા સમાજનો છે વગેરે. તો બેનશ્રી. આવા ઝેરના પારખા ના કરાય. તમારે શક્ય તેટલો ઝડપથી આ સબંધ તોડી દેવો જોઈએ. જો છોકરો સમજુ હશે તો સ્વીકારી લેશે અને ના સ્વીકારે તો તમે તેને ઓળખી જશો કે એ કેટલો સ્વાર્થી છે. જેથી લગ્નપૂર્વે તમને સબંધ કાપવાનો સમય મળશે. અંતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉભા નહિ થાય. ત્રીજી ઘટનામાં, રમીલાનો સબંધ એક ઉચ્ચઅભ્યાસ કરીને ઉચ્ચ નોકરી કરતા સુમન સાથે થોડા મહિના પૂર્વે કરવામાં આવ્યો. સબંધ કરવામાં આવ્યો ત્યારે સુમને રમીલાને જણાવેલ કે, ભૂતકાળમાં મારે અમુક છોકરી સાથે ફ્રેન્ડશીપ હતી. તારે આવું કશું હોય તો જણાવ. રમીલાએ ના પાડી કે મારે નથી.. હા, મનોજ સાથે અઠવાડિયા માટે ફ્રેન્ડશીપ રાખેલી. રમીલાનું આ વાક્ય સુમને પકડ્યું. સુમનને ખ્યાલ આવ્યો કે, રમીલાને મનોજ સાથે ગાઢ દોસ્તી હતી ને આજે પણ છે. હવે પરિણામ શું આવશે ?

આજે છોકરીઓ એવું માને છે કે, અમે સગાઇ વખતે જ છોકરાને જણાવી દઈશું. પણ વાસ્તવિકતા એ છે કે, આવી વાત છોકરીઓ સરળતાથી સ્વીકારી શકે છે, પણ છોકરાઓ એટલી સરળતાથી સ્વીકારી શકતા નથી. જો પતિથી છૂપાવો તમને સાચી વાતની ખબર પડશે તો તમે તમારી જાતને નીચી જોશો અને આખી જિંદગી દબાયેલા રહેશો.

ઉપરોક્ત ઘટનાઓની ચર્ચા મેં મારી કોલેજના તાલીમાર્થી ભાઈ અને બહેન સાથે કરી. ચર્ચામાં બહેને જણાવ્યું કે, મોટાભાગના છોકરાઓ છોકરીઓને શરૂઆતમાં ખૂબ જ સાચવતા હોય છે. તેમની સાથે સારી સારી અને મોટી વાતો કરે. છોકરીને ગીફ્ટ આપે. ફરવા લઇ જાય. છોકરીના કામ કરે. જેથી છોકરીઓ ઈમ્પ્રેશ થઈને આકર્ષાય છે. કોલેજના છોકરાએ જણાવ્યું કે, કોઈપણ છોકરીએ ફ્રેન્ડશીપ કે પ્રેમ કરવા માટે યોગ્ય પાત્રની જ પસંદગી કરવી જોઈએ. કોઈ આપણને ચાહે કે ફ્રેન્ડશીપ બાંધવાનું કહે એટલે આપણે હા પાડવી જરૂરી નથી. એણે સરસ ઉદાહરણ આપ્યું કે, મને કોઈ હિરોઈન ખૂબ જ ગમે, હું એને પ્રેમ કરું. એટલે શું તે મારી સાથે ફ્રેન્ડશીપ કરશે ? ના જ કરે. કારણ કે, તેનું અને મારું સ્ટેટ્સ જુદું છે. ફ્રેન્ડશીપ,પ્રેમ કે લગ્ન કરવા માટે ઘણી બાબતો વિચારવી જોઈએ. સમાજની માન્યતાઓ, સંસ્કૃતિ, ભણતર, સંસ્કાર વગેરે. લગ્ન પછી તમે જે ઘરમાં જશો ત્યાં તમારું સ્થાન શું હશે ? તમને કેટલી અને કેવી સ્વતંત્રતા મળશે ? તમે અને તમારા બાળકો પ્રગતિ કરી શકશો? તમારા પપ્પાને તેમના જમાઈથી ગૌરવ થશે ? મમ્મી-પપ્પાને જરૂર પડે તેમનો જમાઈ અડધી રાતે આવીને ઉભો રહી શકે તેવો સક્ષમ છે? વગેરે. છોકરીએ છોકરાના રૂપને ના જોતા તેની કાબેલિયત, સ્ટેટ્સ, ભણતર વગેરે જોવા જોઈએ.

ઘણી છોકરીઓ શરૂઆતમાં ફ્રેન્ડશીપ કરતી હોય છે. પછી તે ફ્રેન્ડશીપ પ્રેમમાં પરિણમે છે. અને એવું માનવા લાગે છે કે, મારી સાથે સબંધ રાખનાર છોકરો મને ક્યારેય છેતરે નહિ જ. મારા ફોટા કોઈને બતાવે જ નહિ. અમારા સબંધ અંગેની વાત કોઈને નાં જ કરે. મારા માટે જીવ આપી દે. વગેરે. જે તેમની ભ્રમણા છે. હકીકત એ છે કે, મોટાભાગના છોકરાઓ આવા સબંધની વાત પોતાના મિત્રવર્તુળમાં વટ મારવા કરે કરે ને કરે જ. એટલું જ નહિ ફોટા પણ બતાવે અને પ્રેમપત્રો પણ વંચાવે. વળી આ છોકરાઓ પેલી છોકરીને એવું જણાવતા હોય છે કે, હું કોઈને ના કહું. મારી પર વિશ્વાસ રાખ વગેરે. પછી બ્રેકઅપ થાય એટલે આપણે સૌ જાણીએ છીએ તેમ સોસીયલ મીડિયામાં ફોટા ફરતા થઇ જાય છે. ક્યારેક તો પેલા છોકરાના મિત્રો પણ ગેરલાભ લેવા માંડે છે. માટે જ યુવાનીમાં ક્યાંક આવા સબંધ બાંધી બેઠા હોવ તો, લગ્નપૂર્વે ઓછામાં ઓછા સગાઈના છ માસ પૂર્વે આવા સંબંધો તોડી નાંખો. તો જ તમે બિન્દાસ કહી શકશો, હા, સંબંધ હતા, પણ અત્યારે નથી. જે પતિદેવ સાચું પણ માનશે.

લગ્ન કરવા માટે શરૂઆતમાં પ્રેમ કરવો જરૂરી નથી. આજના આપણા સમાજના ૯૫ ટકા લોકોએ પહેલા લગ્ન કર્યા છે, પછી પ્રેમ કર્યો છે. જેથી તે સબંધો ટક્યા છે. જે પાંચ ટકાએ પહેલા પ્રેમ કરીને લગ્ન કર્યા છે ,તેમાંથી ખૂબ જ ઓછા ટક્યા છે. ક્યાંય કોઈ સાથે ફ્રેન્ડશીપ કે આંધળો પ્રેમ થઇ ગયો હોય તો ફોટા ના જ પડાવો, ચિઠ્ઠીઓ કે પ્રેમપત્રો ના લખો. તમારી કોઈ નિશાની રહી જાય તેવું કશું જ ના કરો. ફ્રેન્ડશીપ અને પ્રેમ બન્નેમાં મોટો તફાવત છે. તે સમજો વચનો કે વિશ્વાસમાં ના રહો. સમાજમાં બનતા કિસ્સાઓ જુવો. તેમાંથી શીખો. સમાજમાં બધા જ છોકરાઓ ખરાબ છે તેવું નથી. પણ તમારી આ ઉમરમાં તમે સારા અને ખરાબ છોકરાને અલગ નહિ પાડી શકો. ફ્રેન્ડશીપમાં ફરવા જવાનું થાય તો એકલા ના જશો. સાથે બહેનપણીને રાખો. આજના મા-બાપે પણ પોતાના સંતાનસાથે બેસીને ખુલ્લા દિલથી ચર્ચા કરવી જોઈએ, સંતાનોને સલાહ અને સમજ આપવી જોઈએ.